સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સાધન નથી સુવિધા, છતાં શાળા કામ તો દે છે!
શિક્ષકો નથી છત, છતાં કૈંક અંજામ તો દે છે!
દામ દે છે અધૂરાં - ઉપરથી આપે છે ધમકી!
સરકારી શાળાઓ હવે તો રમનું નામ લે છે!!
(ગુણોત્સવ નાટક - સીઆરમાં એટ્રીં થશે!!)

હાઈકુ

વલોવી થાક્યાં
ગ્યું છાસમાં માખણ -
ખોટા એમોયુ!!

દોકડાની દોશી
ઢીંગલો મૂંડામણ -
મોંઘુ વાઈબ્રંટ

ચિંતન

પરોક્ષે કાર્યહન્તારં પ્રત્યક્ષે પ્રિયવાદિનમ્ ।
વર્જયેત્તાદૃશં મિત્રં વિષકુમ્ભં પયોમુખમ્ ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેન્ટમાંથી લેવામાં આવેલ છે.

જે તમારી સામે તમારા કાર્યોની પ્રશંસા કરે અને તમારી પીઠ પાછળ તમારું કાર્ય બગાડે તેવા મિત્ર ઉપરથી દૂધ ભરેલા પણ ભીતરથી વિષયુક્ત ઘડાની સમાન છે. તેનો ત્યાગ કરવામાં જ ભલાઈ છે.

જો ઝેરના ઘડા ઉપર દૂધ રાખવામાં આવે તો શું તે દૂધનો ઘડો થઈ જાય? ના, તેને વિષનો ઘડો જ કહેવાય. કેટલાક માણસો આવા વિષયુક્ત ઘડા સમાન હોય છે. તે તમારી સામે તો તમારા કાર્યોની પ્રશંસાના ગુણગાન ગાતાં થાકતાં નથી, પરંતુ તમારી ગેરહાજરીમાં તમારું કાર્ય બગાડવામાં બાકી પણ રાખતાં નથી. 'મુખ મેં રામ બગલ મેં છુરી' જેવા મિત્રોનો ત્યાગ કરવામાં જ તમારી ભલાઈ છે. આવા મિત્રો ખરેખર શત્રુ સમાન છે.

સુવિચાર

- વિપત્તિ માણસનું સર્જન કરે છે જયારે સંપત્તિ રાક્ષસનું સર્જન કરે છે - **ડોંગરેજી મહારાજ**
- ઉતાવળ જેવી અસંસ્કારિતા બીજી કોઈ નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- શાણો માણસ કયારેય તક ન મળ્યાની ફરિયાદ કરતો નથી - **અખંડ આનંદ**
- મિત્રતાનો સાર છે : પૂર્ણ ઉદારતા અને સંપૂર્ણ વિશ્વાસ - **સંતરામ**
- પોકળ માણસ ભાગ્યમાં વિશ્વાસ કરે છે, પોલાદી માણસ કર્મ અને એના પરિણામમાં - **અબ્રાહમ લિંકન**
- હૈયુ વિશ્વ જેટલું વિશાળ હોય છતાં એમાં કોઈના ગુનાઓ યાદ રાખવા માટે જરાય જગ્યા ન હોય તેનું નામ ક્ષમા - **ભૂપત વડોદરિયા**
- શુભ હેતુ માણસને અણધારી શક્તિથી વસ્ત્રાભૂષિત કરે છે - **અરવિંદ**
- આજનું ઔષધ : જામફળના પાનમાં મીઠું અને આદુ સાથે પીસી અડધી અડધી ચમચી દર બે કલાકે લેવાથી પેટની ચૂંક મટે છે.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

આજે તો કોઈ વડાપ્રધાનની કે એમની યોજના વિશે કોઈ પ્રધાન કે પ્રજા, ટીકાત્મક બોલે તો તેના પર કાયમી કાલા ટીકાની ચોકડી લાગીજાય - કાળી ડાયરીમાં તેનું નામ નોંધાઈ જાય અને ધીમે ધીમે જાહેર જીવનમાંથી પણ 'અદશ્ય' થઈ જાય.

અમેરિકાના પ્રમુખે પોતાના પ્રધાનોની પસંદગીની યાદી તેના અંગત સલાહકારને બતાવી. 'જોન ગ્લેડેસ્ટન'નું નામ જોઈ સલાહકારનાં ભવા વાંકા થયાં - કહ્યું સર લિંકન, તમારી કંઈક ભૂલ થાય છે, આ ગ્લેડસ્ટન તો તમારા સદાયને માટે ટીકાકાર જ રહ્યા છે એને 'ગૃહપ્રધાન' ન બનાવાય...

લિંકને પૂછ્યું - શું એ દેશને વફાદાર નથી? સલાહકાર : ના એવું નથી, એ પ્રામાણિક-નિષ્ઠાવાન દેશપ્રેમી તો છે જ. લિંકન : શું એ રાષ્ટ્રની જવાબદારી અદા કરી શકે એવા શક્તિશાળી નથી? સલાહકાર : ગ્લેડસ્ટન તો મજબૂત અને નિષ્ણાત વહીવટી અધિકારી છે. લિંકન - 'બસ, મારે આ બે ગુણ જ જોવાના હોય, કોઈ મારા માટે શું માને છે એ મહત્ત્વનું નથી. અને નિમણૂંક થઈ ગઈ...' આજે પણ લિંકનની કબર પર- ગ્લેડસ્ટનના શબ્દો અંકાયેલા છે : 'આ શબ્દ ગ્લેડસ્ટને દફનવિધિ વખતે ઉચ્ચારેલા હતા.

જનસાધારણની ઉત્સવઘેલચાનો વિનિયોગ

ગાંધીનગર આજકાલ વિશ્વના નકશામાં છવાઈ ગયું છે. વર્તમાન વડાપ્રધાન જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે શરૂ થયેલ વાઈબ્રન્ટ પર્વની પરંપરા એમના રાષ્ટ્રીય નેતૃત્વ હેઠળ પણ ચાલુ રહેવા પામી છે. વળી વરસોવરસ એની ઝાકઝમાળ વધતી રહી છે. પ્રજાને પણ આ પ્રકારની ઝાકઝમાળ જોવી - માણવી ગમે છે. દેશ-વિદેશના નેતાઓ, મહાનુભાવો અને ઉદ્યોગપતિઓ - વેપારીઓ આ 'વાઈબ્રન્ટ' મહોત્સવ ટાણે નળ સરોવરમા ઊતરી આવતાં પરદેશી પંખીડાની જેમ ઊતરી પડે છે. અલબત્ત, આવા મહોત્સવોનું સફળ આયોજન મહદંશે ઈવન્ટ મેનેજમેન્ટની નિષ્ણાંત કંપણીઓને સોંપી દેવાતું હોય છે અને એ પેટે એવી એજન્સીઓને મબલક નાણાં પણ ચુકવાતાં રહે છે, પરંતુ એથી સરકારના વહીવટી તંત્રને રોજિંદાં કાર્યોમાં પરોવાઈ જવાનું અઘરું બની જાય છે. સરકારી તંત્રને આવાં મોટાં આયોજનો સફળતાપૂર્વક પાર પાડવા દિવસરાત જહેમત ઉઠાવવી પડે છે, જેથી એમના હસ્તકની મૂળ જવાબદારીઓ અદા કરવામાં વિલંબ જ થતો હોય છે. પરંતુ આ મુદ્દે બ્યુરોક્રસી મૌન રહી સરકારના જયજયકાર માટે બનતું બધું જકરી છૂટે છે. આ વખતની મેગા ઈવન્ટ વર્તમાન મુખ્યમંત્રી અને વડાપ્રધાન - બેઉ માટે પ્રતિષ્ઠાનું પર્વ છે. ગિફ્ટ સિટીથી લઈ જયાં જયાં વિદેસી મૂડી રોકાણની શક્યતા છે ત્યાં દેશવિદેશના માલેતુજારો અને સરકારો સાથે ઢગલાબંધ એમઓયુ પર સહી સિક્કા થશે, જે રાજય અને કેન્દ્ર - બેઉની પ્રતિષ્ટાનાં મોરપિચ્છ બની રહેશે. પ્રજાના સામાન્ય વર્ગને આવા 'એમઓયુ'માં ઝાઝી સમજણ ન પડે, પણ એને ગાંધીનગરને ચારેબાજુથી ઘેરી વળેલ પોલીસ તથા સર્કલો, ઈમારતો અને ડિવાઈજરો પર ચમકતી ઝબૂકતી લાલ-લીલી રોશનીથી જરૂર પોતાના પાટનગરમાં જ સ્વર્ગ ઊતરી આવ્યાનો અહેસાસ

તંત્રીસ્થાનેથી...

થતો હશે. લોકો આ નજારો નિહાળવા સપરિવાર ઊમટે છે અને પ્રસન્નતા અનુભવે છે.

આખરે સરકારે પ્રજાને પ્રસન્ન રાખવી તે ચાણક્યનીતિનું પાયાનું સૂત્ર છે. નોટબંધીથી સરજાયેલી વિટંબણા સામે પ્રજાને વિકાસના મહાપર્વ ભણી ધ્યાન ખેંચતો અને મીઠું મનોરંજન પૂરું પાડવાનો આ ઉપક્રમ મૂઠીભર બૌદ્ધિકો સિવાય સહુને આવકારવાલાયક જ લાગવાનો. વાઈબ્રન્ટ પર્વ નિમિત્તે ગાંધીનગરના આકાશમાં ભારતીય વાયુસેનાનાં સુખોઈ વિમાનોની ઘરઘરાટી એક વધુશ્રીલસર્જક ઉપક્રમ છે. વાઈબ્રન્ટ પ્રદર્શન નિહાળવા પર તો જાતજાતની પાબંધી લાગેલી છે, પણ આકાશી નજારો નિહાળવાની સૌને છૂટ છે. જનસાધારણની ઉત્સવ-ઘેલછાનો સફળ વિનિયોગ કરવો એ પણ એક કળા છે.

સંયુકત મિલ્કતની વહેચણીમાં ભાગે આવતી મિલ્કત સુવાંગ મિલ્કત ગણાય

વડિલો પાર્જીત મીલ્કત અંગે કુટુંબના સભ્યો બાબતે સદર મીલ્કત વિડલોપાર્જીત મીલ્કત તરીકે જ ચાલુ રહે છે. વડિલોપાર્જીત મીલ્કતનું વિભાજન પહેલા જન્મેલા અથવા વિભાજન બાદ જન્મેલા સભ્યને જન્મથી જ મીલ્કતમાં પોતાનો હક્ક, અધિકાર આપોઆપ વારસાઈ હક્કથી મળી જાય છે.

કુટુંબના સભ્યો પાસે વિડલોપાર્જીત મીલ્કત ચાલી આવી હોય ત્યાર બાદ કુટુંબની વ્યક્તિ તેવી મીલ્કત બાબતે કુટુંબના સભ્યો વચ્ચે વહેચણી કરી વિભાજન કરવામાં આવે ત્યારે કુટુંબના જે તે સભ્યોના ભાગે આવતી આવી મીલ્કત તે સભ્યની સુવાંગ (માલીકીની) મીલ્કત ગણાય છે. તેનો ઉપયોગ તેનું દિલ ચાહે, માન ચાહે તે રીતે માલીક, કબજેદાર તરીકે વેચાણ, ગીરો, બક્ષીસ કરી, કરાવી શકે છે તેમાં કુટુંબના અન્ય સભ્યો વાંધો, તકરાર ઉઠાવી શકતા નથી.

પોતાના હિસ્સે આવેલ મીલ્કતની વ્યવસ્થા કરવાનો હિસ્સેદારને કાયદેસરનો હક્ક અધિકાર છે

વડિલોપાર્જીત મીલ્કતનું કુટુંબના સભ્યો વચ્ચે વિભાજન કરવામાં આવે ત્યારે કુટુંબના જે તે સભ્યોના હિસ્સે આવતી તેવી મીલ્કત જે તે સભ્યોની સુવાંગ મીલ્કત જ થાય છે પરંતુ આવી મીલ્કતમાં જે તે વ્યક્તિના ભાગે આવતી મીલ્કતમાં તેના પુત્રનો જન્મથી જ અધિકાર લાગુ પડે છે. તે સભ્યના પુત્ર સંતાનોની વડિલોપાર્જીત મીલ્કત તરીકે વહેચણી કરવામાં આવેલી મીલ્કત ચાલુ રહે છે પરંતુ આવી મીલ્કત તે વ્યક્તિના હયાતી દરમ્યાન પોતાના હિસ્સાવાળી મીલ્કત તબદીલ કરવામાં આવી હોય અને આવું હસ્તાંતર અવેજ સીવાય એટલે કે બિનઅવેજી અને કાયદેસરની જરૂરીયાત સીવાય તેમજ યોગ્ય વ્યવસ્થાના કાર્ય તરીકે જ કરવામાં આવેલ હોવું જોઈએ જો યોગ્ય કૃત્ય સીવાય તબદીલ થયેલ હોય તો તેટલા હિસ્સાવાળી મીલ્કત તબદીલ ગેરકાયદેસર ગણી શકાતી નથી તેવું હરીયાણા હાઈકોર્ટે અપીલ નં. ૭૯૯/૨૦૦૨ ના કેસમાં જાગીરસીંઘ વિરૂધ્ધ અમરસીંઘના કિસ્સામાં ઠરાવેલ છે.

સદર કેસમાં કુટુંબની વડિલોપાર્જીત મીલ્કતનું ૧૯૫૬ માં વિભાજન થયેલ અને તે મુજબ કુટુંબના સભ્યોએ પોતાના ભાગે આવેલ મીલ્કતનો કબજો પણ સંભાળી લીધો હતો જેમાં પોતાનો તથા પત્નીનો હિસ્સો પણ રાખેલ અને પોતાના ભાગે આવેલ બાકીની જમીનો મીલ્કતો ત્રણ પુત્રો વચ્ચે રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી તબદીલ કરલ તેથી સાધુસીંઘના અન્ય પુત્ર જાગીરસીંઘ તેમના પીતા દ્વારા ભાઈઓની તરફેણમાં કરવામાં આવેલ વેચાણ ખત નિરર્થક અને રદબાતલ ઠરાવવા માટે દાવો દાખલ કરેલ અને જણાવેલ કે આ વેચાણ ખત અવેજ સીવાયનો અને કાયદેસરની જરૂરીયાત માટે કરવામાં આવેલ નથી. જાગીરસીંઘે નામદાર કોર્ટને જણાવેલ કે પોતાના પીતાના ભાગમાં આવેલ મીલ્કત વડિલોપાર્જીત હતી જેમાં નામદાર નીચલી કોર્ટે વાદી જાગીરસીંઘનો દાવો રદબાતલ ગણી દાદ ના મંજુર કરેલ અને ઠરાવેલ કે સાધુસીંઘે પોતાના ભાગે આવેલ જમીન પોતાના એ પુત્રોને આપેલ જે વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર નથી સાધુસીંઘના કબજામાં રહેલ મીલ્કત વિભાજન બાદ તેની સુવાંગ મીલ્કત ગણાય અને તે તેનો ઉપયોગ તેની મન ચાહે તે રીતે કરી શકે છે તેની વહેચણીના ભાગે આવેલ મીલ્કતને વડિલોપાર્જીત મીલ્કત વહેચણી બાદ ગણી શકાય નહિ આવી મીલ્કત જે તે વ્યક્તિના ભાગે આવેલ સુવાંગ મીલ્કત ગણાય સાધુસીંઘના કબજામાં આવેલ મીલ્કત ૧૯૫૬ ની સાલમાં વિભાજન થયા બાદ સંયુકત સર્માશીત મીલ્કત ગણાય નહી તેમજ વિભાજન બાદ જાગીરસીંઘ ૧૯૫૬ માં પોતાના ભાગે આવેલ મીલ્કતનો કબજો સંભાળી લીધો હતો અને તે કુટુંબથી અલગ થઈ ગયેલ તેથી સાધુસીંઘે પોતાના ભાગે આવેલ જમીનમાંથી પોતાનો ભાગ રાખી બાકીનો ભાગ બે પુત્રો વચ્ચે વહેચણી કરેલ તે યોગ્ય વહેચણી હતી આવી વહેચણી કાયદેસરની જરૂરીયાત યા યોગ્ય વહીવટ કરેલ ન હતું તેવું ઠરાવી ના શકાય નીચલી કોર્ટના હુકમથી નારાજ થઈ જાગીરસીંઘે અપીલ કરતા ડિસ્ટ્રીકટ કોર્ટે ટ્રાયલ કોર્ટના હુકમને અનુમોદન આપતા જાગીરસીંઘે હરીયાણા હાઈકોર્ટમાં અપીલ ગુજારેલ જે અપીલ પણ સાધુસીંઘની તરફેણમાં ચુકાદો આવતા સેકન્ડ અપીલ જાગીરસીંઘ દ્વારા કરવામાં આવતા નામદાર કોર્ટે ઠરાવેલ કે જયારે હિન્દુ સંયુકત કુટુંબનો અંત આવેલ હોય અને હિન્દુ સંયુકત કુટુંબની મીલ્કતનું વિભાજન કરવામાં આવ્યું હોય ત્યારે તે સંજોગોમાં દરેક કુટુંબના સભ્યોના ભાગે આવેલ મીલ્કત પોતાની સુવાંગ (માલીકીની) મીલ્કત ગણાય અને આવી મીલ્કત જેના ભાગે આવે તે તેનું દિલ ચાહે, મન ચાહે તે રીતે વાપર ઉપભોગ, વસવાટ કરે કરાવે અગર વેચે, સાટે ગીરો, બોજો કરે કરાવે તો કુટુંબના અન્ય સભ્યોને સદર મીલ્કત અંગે કોઈ જ હક્ક, અધિકાર પહોચતો નથી આવી મીલ્કતના માલીકને તેના હક્કથી વંચીત રાખી શકાય નહિ આથી વિભાજન બાદ હસ્તાંતર, તબદીલીથી કરેલ વેચાણ કરાર કાયદેસર ગણાય તે કુટુંબના અન્ય સભ્યોને રદબાતલ કરાવવા કોઈ જ હક્ક, અધિકાર પહોચતો નથી.

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

દૃઢ મનોબળપૂર્વક સંકલ્પને વળગી રહો તો ચોક્કસ તમારામાં રહેલું શ્રેષ્ઠ તમે પોતે જ અનુભવી શકશો

"સુંદરતાની શોધમાં આખી પૃથ્વી ખૂંદી વળીએ તો પણ હાથ લાગશે નહીં,
જો તે આપણી જ અંદર રહેલી નહીં હોય."

વર્ષ ૨૦૧૭ની શરૂઆત થઈ અને સમગ્ર વિશ્વમાં વિવિધ પ્રકારની ઊજવણીઓ પણ થઈ. આપણે ફરી એકવાર આપણા એ જ રાબેતા મુજબના કાર્યોમાં જોડાઈ ગયા. આપણી આસપાસ આપણે નજર કરીશું તો બે પ્રકારના લોકો જોવા મળશે. એક એવા પ્રકારના લોકો કે જેઓને બધું સુંદર અને અને સંપૂર્ણ જ લાગે છે. પોતાની પાસે જે કંઈ છે એ તેમના માટે પર્યાપ્ત છે. એવી તૃપ્તિ અને સંતોષ તેમનામાં સતત છલકાતો રહે છે. આવા લોકો પાસે જે કાંઈ પણ છે એના માટે તેમનામાં હંમેશા એક કૃતજ્ઞતાનો ભાવ રહેતો હોય છે. ટૂંકમાં, તેમની અંદર શાંતિ, સંતોષ અને સુંદરતા હોવાને કારણે એ સર્વત્ર એ જ પ્રકારની સૃષ્ટિનો અનુભવ કરી શકે છે. આનાથી તદ્દન વિપરીત 'Complain box' જેવા લોકો પણ હોય છે કે, જેમનો દરેક બાબતથતી માત્ર ફરિયાદો જ હોય છે. તેમના માટે તેમની આસપાસ રહેલી આ સૃષ્ટિ કયારેય માણવાલાયક બની શકતી નથી. જીવન જીવવાની કળા એટલે આપણને મળેલા આ મનુષ્ય અવતારનો સર્વશ્રેષ્ઠ ઉપયોગ કરી શકવાની આપણી ક્ષમતા. ખુશ રહેવાની, શમણાં સજાવવાની અને એ સજાવેલા શમણાંને સાકાર કરવા માટે પ્રયત્નશીલ તથા કાર્યરત રહેવાની રીત આપણે શીખી જઈશું તો મુશ્કેલમાં મુશ્કેલ પરિસ્થિતિનો આસાનીથી સામનો કરી શકીશું. કવયિત્રી જયા મહેતા ખૂબ સુંદર રીતે કુદરતના આ સૌંદર્યને અને આપણા તેની સાથેના તાદાત્મયને વર્ણવતી વાત લખે છે કે,

"જમીન પર પથરાયેલી
વૃક્ષની ઠંડી લીલી છાયાને
ભેગી કરી લઈ બઉં..."
બારીના કાચ પર ઘડીભર જંપેલા
તેજભર્યા સૂરજને
હળવેથી ઊંચકી લઉં
ને
અગાશી ભરીને લેટેલા
હૂંફાળા તડકાની મેંદીને
ગુપચુપ ભરી લઉં હથેળીમાં
અને પછી
ગુલાબસની ફોરમને
પગલે પગલે ભીંતર પ્રવેશી
પૂછી આવું ખબરઅંતર મૂળિયાના
અને
સોંપી દઉં સૌને
થોડી થોડી છાયા, થોડો થોડો તડકો
થોડો થોડો સૂરજ.'

નવા વર્ષના આગમન સાથે સંકલ્પ લેવાની પ્રક્રિયા પણ સંકળાયેલી છે. ખૂબ મોટા મોટા સંકલ્પો લઈને માત્ર ગણતરીના દિવસોમાં જ તેને ભૂલી જવાને બદલે જો નાના - નાના સંકલ્પો લેવામાં આવે તો તેમાં જરૂર સફળતા મળશે. આપણે ત્યાં તો ઉત્તરાયણના પર્વ નિમિત્તે પણ પ્રણ લેવાની પરંપરા વર્ષોથી ચાલી આવે છે. સંકલ્પની શક્તિ અદમ્ય છે. જે માણસે જાતે કેળવવી પડે છે. નાના નાના સંકલ્પો દ્વારા આગળ વધતાં જવાથી વ્યક્તિનું સંકલ્પબળ ઘડાતું જાય છે. પૂ. રવિશંકર વ્યાસ (મહારાજ) લખે છે કે 'જૈન ધર્મમાં અણુવ્રતનું મહત્ત્વ મનાયું છે. આખો દિવસ સત્ય નથી બોલતું, તો ચાલો હમણાં એક કલાક પૂરતો સંકલ્પ લો. એ કલાક દરમિયાન તમે અસત્ય નહીં જ બોલો. પછી ધીરે ધીરે તમને ટેવ પડતી જશે, અને એવો અનુભવ પણ થતો જશે કે સત્ય બોલવામાં જ વધુ સુખ છે. એટલે પછી તમે તેમાં દૃઢ થતાં જશે. ધીમે ધીમે તમારી શક્તિ અને આત્મવિશ્વાસ વધતાં જશે, તેમ તમારું સંકલ્પબળ પણ પાકું થતું જશે. એક એક પગથિયું ચઢતાં તમે ઠેઠ ઉપર પહોંચી શકશો.'

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

ઘણીવાર આપણને સાવ નાનો સંકલ્પ લેતી વખતે લાગે કે આ વાત તો આપણા માટે સાવ સરળ છે. પણ તેમાં નિયમિતતા જાળવી રાખવી અને તેને જીવનભર જાળવી રાખવા માટે દૃઢ મનોબળની જરૂર પડતી હોય છે. ઘણીવાર ઈશ્વર તમારી કસોટી પણ કરશે પણ જો એ કસોટીમાંથી પાર ઉતરી શકશે તો આગળ વધવામાં કોઈ અંતરાય નડી શકે નહીં. એકવાર એક માણસ કાશીની જાત્રાએ ગયો. ત્યાં પંડાએ કોઈને કોઈ બાધા લેવાનો આગ્રહ કર્યો. એટલે એણે બાધા લીધી કે, 'કાગડાનું માંસ કદી નહીં ખાઉં.' હવે તમે જ વિચારો, આ તે કાંઈ બાધા છે? આ પહેલાં એણે કદી માંસ ખાધુંયે નહોતું. પણ એને એમ કે બાધાયે લીધી કહેવાય, અને છતાં કાંઈ સંમય પાળવો ન પડે! પણ ભગવાનને કરવું તે એકવાર એ માંદો પડ્યો. ને ડૉકટરે કહ્યું કે કાગડાનું માંસ ખાઈશ તો જીવી જઈશ. આમ એને માટે ખરેખરે કસોટીનો પ્રસંગ આવી પડ્યો, પણ મશ્કરીમાં લીધેલી બાધા છેવટે એણે પાળી : 'ના, મરવાનો હોઈશ તો મરીશ, પણ હવે આ બાધાને તો વળગી જ રહીશ.' નાના નાના સંકલ્પો લેવામાં તમારી કસોટી થાય, કયારેક અણધારી આવી તકલીફ પણ આવી ચડે પણ તમે થંભ્યા વિના દૃઢ મનોબળપૂર્વક સંકલ્પને વળગી રહો તો ચોક્કસ તમારામાં રહેલું શ્રેષ્ઠ તમે પોતે જ અનુભવી શકશો.

Last Seen :

"હે ઈશ્વર ! મારી પાસે પૂરતું છે : આકાશમાં સૂર્ય છે. માથા પર છાપરું છે. મારા હાથને કામ મળી રહે છે. ખાવાપીવાની ખેંચ નથી, અને જેમને ચાહી શકું એવા માણસો છે."

- ફ્રિલ બોસ્મન્સ

- nehalgadhavi101@gmail.com

મુંબઈની ચૂંટણી અને સમુદ્રમાં ભવ્ય શિવાજી સ્મારક

'ઈતિહાસનું ભાન રાખીને રાજકીય તાળીઓ વગાડવાનું ઓછું રાખો.' આ શબ્દો મહારાષ્ટ્રના સત્તામોરચામાં ભારતીય જનતા પક્ષના મિત્રપક્ષ શિવ સેનાના વડા ઉદ્ધવ બાળ ઠાકરેના છે. મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી આવી રહી છે. અત્યાર લગી 'મોટા ભાઈ' તરીકેની શિવ સેનાની ભૂમિકાને ભાજપના નરેન્દ્ર મોદી યુગમાં ભૂંસી નાંખીને ભાજપની નેતાગીરી સ્વબળે મહાપાલિકા પર 'કમળ'નું શાસન સ્થાપવા ઈચ્છુક છે. મહારાષ્ટ્રમાં ભાજપના વડપણ હેઠળ દેવેન્દ્ર ફડણવીસની સરકારમાં ભાજપ અને શિવ સેના વચ્ચે સતત ખટરાગ ચાલ્યા કરે છે. કેન્દ્રમાં મોદી સરકારમાં પણ સેના સામેલ છે. ગમે ત્યારે બંને પક્ષ છૂટા થઈ જવાનાં એંધાણ મળતાં રહેતાં હોવા છતાં સત્તા એમને સાથે રાખે છે, પરંતુ મુંબઈ મહાનગરપાલિકા ચૂંટણીમાં એમની ફારગતી નક્કી જણાય છે.

સમયાંતરે કૉંગ્રેસ અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસની જેમ ભાજપ અને શિવ સેના એકમેકની વિરુદ્ધ ચૂંટણી લડે છે, પણ પરિણામોમાં મોદીનિષ્ઠ ભાજપના વિજયરથને આગળ વધતો નિહાળીને શિવ સેના નીચી મૂંડી કરીનેય એમની સાથે જોડાણ ચાલુ રાખી સત્તાનાં ફળ ચાખવાનું ચાલુ રાખે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ કેન્દ્રમાં સર્વસત્તાધીશ હોવાને કારણે મિત્રપક્ષોની મજબૂરીથી સુપેરે વાકેફ છે. એક મિત્રપક્ષ નારાજ થાય તો બીજા પક્ષને વિપક્ષી છાવણીમાંથી પોતાના ભણી ખેંચી લાવવાની ગોઠવણ મોદીનિષ્ઠ રાજકારણમાં રહે જ છે.

કૉંગ્રેસ-રાષ્ટ્રવાદી કૉંગ્રેસની યુતિ સરકારના મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણે મુંબઈ નજીક સમુદ્રમાં દોઢ કિલોમીટર જેટલા અંદરના ભાગે ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે હિંદવી સ્વરાજના પ્રણેતા એવા છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા સ્થાપિત કરવાનો પ્રકલ્પ હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો. એનાં ટેન્ડર પણ નીકળી ગયાં હતાં. છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં કૉંગ્રેસ-રાષ્ટ્રવાદી કૉંગ્રેસને બદલે મહારાષ્ટ્રમાં ભાજપ-શિવ સેનાની સરકાર સ્થપાઈ. મહારાષ્ટ્રની આ ભગવી યુતિએ છત્રપતિ શિવાજી મહારાજનું સમુદ્રમાં સ્મારક સ્થાપિત કરવાની યોજનાને ૩૬૦૦ કરોડ રૂપિયાની કરી. વડા પ્રધાન મોદીના હસ્તે એના કામનો શુભારંભનો ઉત્સવ યોજાયો ત્યારે શિવ સેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે પણ એમાં ઉપસ્થિત હતા, પરંતુ મોદી છવાઈ ગયા એટલે ઠાકરેસેનાના પેટમાં તેલ રેડાવું સ્વભાવિક હતું. વડા પ્રધાન મોદીએ ભૂમિપૂજન કર્યું એ શિવાજી સ્મારકના આયોજન મુજબ પહેલા તબક્કાનું કામ ૨૦૧૯ સુધીમાં પૂર્ણ થશે

મોદીનિષ્ઠ ભાજપ યેનકેન પ્રકારેણ વિજય પ્રાપ્ત કરવાના સંકલ્પ

- **કૉંગ્રેસ-રાષ્ટ્રવાદી સરકારના ૧૦૦ કરોડ રૂપિયાના સ્મારકને ભાજપ-સેનાએ ૩૬૦૦ કરોડનું કર્યું**
- **શુભારંભઉત્સવમાં મોદી છવાઈ ગયા એટલે ઠાકરેસેનાના પેટમાં તેલ રેડાવું સ્વભાવિક હતું**
- **શિવાજી 'હિંદુ સ્વરાજ' નહીં, પણ હિંદુ-મુસ્લિમ ભેદ વિનાના 'હિંદવી સ્વરાજ'ના પ્રણેતા હતા**
- **સત્તાધારી મોરચામાં જ શિવાજીના જન્મદિવસ અને જીવન-સાલવારી બાબત સંમતિ નથી**

સાથે આગળ વધે છે. નીતિમૂલ્યો અને આદર્શોના મંજીરા વગાડવાને બદલે એણે વાસ્તવવાદી ભૂમિકા પર આગળ વધવાનું નક્કી કર્યું છે. સામ, દામ, દંડ અને ભેદની વ્યૂહરચના થકી અંતિમ લક્ષ્યને આંબવામાં એ સફળ થતા ગયા છે. શિવ સેનાની આડોડાઈને પડકારતાં મોદીએ શિવ સેનાના નેતા સુરેશ પ્રભુને ભાજપમાં લઈને રેલવે પ્રધાન બનાવી દીધા. એ કારમો ઘા શિવ સેના ભૂલે તેમ નથી. કૉંગ્રેસ અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસના પ્રભાવી નેતાઓને ભાજપમાં પ્રવેશ આપતાંની સાથે જ સંસદની કે ધારાસભાની ચૂંટણી માટે ટિકિટ આપવાનું સ્વીકારીને પક્ષના વિજયરથને મરાઠાઓના ગઢમાં પ્રભાવીપણે આગળ વધાર્યો. શિવ સેનાના નાટકવેડા સામે રાષ્ટ્રવાદી કૉંગ્રેસના સુપ્રીમો શરદ પવાર સાથે મધુર સંબંધ ટકાવીને સેના સાથ છોડે તો રાષ્ટ્રવાદી કૉંગ્રેસ મહારાષ્ટ્રમાં ભાજપને ટેકો આપે એ ગોઠવણ કરી જ રાખી છે. શિવ સેનામાંથી કૉંગ્રેસ-રાષ્ટ્રવાદી કૉંગ્રેસમાં જઈને નાયબ મુખ્ય પ્રધાન બનેલા છગન ભુજબળને જેલવાસી બનાવીને પવારને પણ સંકેત આપેલો છે કે તેમના નાયબ મુખ્ય પ્રધાન રહેલા ભત્રીજા અજિત દાદા પવાર વિરુદ્ધનાં કૌભાંડો એમને પણ જેલવાસી કરી શકે છે.

મહારાષ્ટ્રમાં પવારની કૉંગ્રેસ સરકારમાં સમાજ કલ્યાણ પ્રધાન રહેલા રિપબ્લિકન પાર્ટીના રામદાસ આઠવલે આજે મોદીની ભાજપ અને મિત્રપક્ષોની કેન્દ્ર સરકારમાં પણ સમાજ કલ્યાણ રાજ્યપ્રધાન છે. જે પાણીએ મગ ચડે એ ઉપક્રમ હાથ ધરીને પણ સત્તા સુધી પહોંચવું અને સત્તા ટકાવવી એ જ મોદીનિષ્ઠ ભાજપી રાજકારણનું મુખ્ય વિચારબિંદુ છે. આ ઉપક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં સઘળાં સંગઠનો એટલે કે સંઘ પરિવાર મોદીના ટેકામાં, ઈચ્છા-અનિચ્છાએ એને રાષ્ટ્રભક્તિનો યજ્ઞ ગણીને, જોડાઈને ટેકો આપે છે. સંઘમાં કેટલાંક સંગઠનો મોદી સરકારની નીતિઓનો વિરોધ કરતાં હોવા છતાં વડા પ્રધાન મોદી એમના ભણી ઉપેક્ષાભાવ કે અવગણના દૃષ્ટિ કેળવી શકે છે. કારણ સત્તાનું ચુંબકબળ ખૂબ જ મજબૂત હોય છે. મોદી એ સુપેરે જાણે છે.

વડા પ્રધાન મોદીના વિરોધીઓ માટે પણ મહારાષ્ટ્રમાં જ નહીં, સમગ્ર ભારતમાં છત્રપતિ શિવાજી મહારાજના નામ અને સ્મારકનો વિરોધ કરવાનું અશક્ય છે. શિવાજી 'હિંદુ સ્વરાજ' નહીં, પણ 'હિંદવી સ્વરાજ'ના પ્રણેતા હતા. એમણે માંડ છ વર્ષ સુખેથી રાજ કર્યું. એમનાં બીજાં પત્ની સોહરાબાઈએ એમને ઝેર આપીને મોતને ઘાટ ઉતાર્યા. એમાં પણ પૅલેસ વૉર જવાબદાર હતી. શિવાજી અને એમની આઠ પત્નીઓ ઉપરાંત અનેક 'નાટકશાળા'ઓ (ઉપપત્નીઓ)ની હકીકતને મરાઠા ઈતિહાસકારો પણ સ્વીકારે છે. સ્ત્રીને એ આદરથી જુએ છે કારણ કે એમણે પરસ્ત્રી ભણી ઊંચી આંખ પણ કરી નહોતી. યુદ્ધમાં પરાજિતોની બેગમો કે પત્નીઓને એમની સામે રજૂ કરાય ત્યારે પણ છત્રપતિએ એમનામાં માતાનાં દર્શન કર્યાં હતાં. તેમને આદરથી એમના સ્થળે પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી.

શિવાજીનું વહીવટી તંત્ર, લશ્કર, નૌકાદળ અને અષ્ટપ્રધાનમંડળ આદર્શ અને હિંદુ-મુસ્લિમ ભેદ વિનાનું હતું. શિવાજીના સરદારોમાં ઘણા મુસ્લિમ સરદાર પણ હતા. પ્રજાના કલ્યાણ માટે આ જાગતા રાજા હતા. એમના સરદાર નેતાજી પાલકર ઈસ્લામ કબૂલ કરીને મુઘલ બાદશાહ ઔરંગઝેબની સેનામાં કાબુલમાં ઉચ્ચ હોદ્દે રહ્યા હતા. તેઓ દસ વર્ષે પાછા ફરીને હિંદુ ધર્મ અંગીકાર કરવા ઈચ્છુક હતા. એની સગવડ શિવાજીએ કરી આપી. વાત આટલેથી અટકી નહીં. નેતાજીના દીકરા સાથે શિવાજીએ પોતાની દીકરીનાં લગ્ન કરાવીને સામેવાળા પરિવારને પ્રતિષ્ઠા પણ બક્ષી